# 1 નાવિક વળતો બોલિયો

**ભાલણ**

**(પંદરમી સદી ઉત્તરાર્ધ-સોળમી સદી પૂર્વાર્ધ)**

ભાલણનું અન્ય નામ પુરુષોત્તમ હતું. જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ હતા, અટક ત્રવાડી હતી. એમનું વતન પાટણ હતું. સંસ્કૃત તેમજ વ્રજભાષાનું જ્ઞાન ધરાવતા હતા. 'દશમસ્કંધ'માં આવતાં વ્રજભાષાનાં પદ કવિએ પોતે રચેલાં હોય એવું લાગે છે. 'ગુર્જર ભાષા' તરીકે ગુજરાતી ભાષાને ઓળખાવનાર ભાલણે ગુજરાતી કવિતામાં કડવાબદ્ધ આખ્યાનોનો સ્થિર પાયો નાખવાનું કાર્ય કર્યું. એમનાં આખ્યાનોમાં પહેલી વખત ઊથલો કે વલણ વગરનાં કડવાં જોવા મળે છે, એથી જ તે 'આખ્યાનના પિતા' તરીકે ઓળખાય છે. પૌરાણિક આખ્યાનોમાં તેઓ મૂળ કથાને વફાદાર રહે છે. મુખ્યત્વે આખ્યાનકવિ, પદકવિ અને અનુવાદક તરીકે જાણીતા છે.

'નળાખ્યાન', 'જાલંધરઆખ્યાન', 'ધ્રુવઆખ્યાન', 'ચંડીઆખ્યાન', 'મૃગીઆખ્યાન', 'રામવિવાહ' જેવાં આખ્યાનો તેમણે રચ્યાં છે. તેમની યશોદાયી કૃતિ 'કાદંબરી' તેમજ 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત' સવિશેષ ધ્યાનપાત્ર છે.

પ્રસ્તુત કાવ્યના કેન્દ્રમાં, એમના વાલ્મીકિરચિત રામાયણનો કેવટ પ્રસંગ છે. અયોધ્યાથી વનવાસ જવા નીકળેલા રામને નદી ઓળંગવા હોડીની જરૂર પડે છે. લક્ષ્મણ-સીતાને નાવમાં બેસાડવા નાવિક તૈયાર છે, પણ રામને નાવમાં બેસાડવાની 'ના' કહે છે. નાવિકે સાંભળ્યું છે કે ઋષિના શાપથી પથ્થર બનેલી અહલ્યા રામની ચરણરજથી જીવિત સ્ત્રી બની ગઈ છે. હવે જો રામની ચરણરજ હોડીને સ્પર્શે તો હોડી પણ સ્ત્રી બની જાય એવી ભોળી સમજ નાવિકને મૂંઝવે છે. નાવિકને ઘેર એક સ્ત્રી (પત્ની) તો છે જ, ચરણસ્પર્શથી બીજી સ્ત્રી થાય તો બંને સ્ત્રીઓનું ભરણપોષણ તે કેવી રીતે કરે ? આજીવિકાનું એકમાત્ર સાધન હોડી જ છીનવાઈ જાય! ગુરુ વિશ્વામિત્ર નાવિકની મૂંઝવણ દૂર કરવા વચ્ચેનો માર્ગ કાઢે છેઃ તેઓ નાવિકને ગંગાજળથી રામના પગ ધોવા કહે છે; જેથી રજ ધોવાઈ જાય, ચરણ સ્વચ્છ થાય અને હોડી સ્ત્રી બનતાં બચી જાય ! અંતે ભોળો (પ્રભુના પગ ધોવા ઇચ્છતો) નાવિક રામના પગ ધુએ છે અને સંતોષ પામે છે. મૂંઝાતા નાવિકનું ભોળપણ, પરોક્ષ રીતે શ્રીરામનાં ચરણ ધોવાની હોશિયારી, મધ્યસ્થી વિશ્વામિત્રની કુનેહ અને સર્વજ્ઞ શ્રીરામનું માર્મિક હાસ્ય આખ્યાનખંડને રસપ્રદ બનાવે છે.

---

નાવિક વળતો બોલિયો સાંભળો મારા સ્વામ,
સાથ સહુકે નાવે બેસો નહીં બેસારું રામ.

વાર્તા મેં સાંભળી છે- ચરણરેણથી અપાર,
અહલ્યા તાં થઈ સ્ત્રી સહી, પાષાણ ફીટી નાર.

આજીવિકા મારી એહે છે, જૂઓ મન વિવેક,
સ્ત્રી થાતાં વાર ન લાગે, કાષ્ઠ પાષાણ એક.

આજીવિકા ભાગે મારી, આગે એક સ્ત્રી છે ઘેર,
બે મલિને શું જમે? હું શી કરું તાં પેર ?

હસી વિશ્વામિત્ર બોલિયા ચરણરેણે સ્ત્રી થાય,
તે માટે ગંગાજળ લઈને પખાલો હરિ પાય!

હસીને હરિ હેઠા બેઠા રામ અશરણશર્ણ,
નાવિકે ગંગાજળ લૈઈને પખાલ્યાં તાં ચર્ણ.

**'ભાલણનાં પદો'માંથી**

## શબ્દાર્થ

**સ્વામ** સ્વામી, નાથ (અહીં : 'રામ') **ચરણરેણ** ચરણરજ, પગની રજ-ધૂળ **અહલ્યા** એક પૌરાણિક પાત્ર - ગૌતમઋષિનાં શાપિત પત્ની **સહી** ખરી, સાચી **પાષાણ** શિલા, મોટો પથ્થર **ફીટી** મટી, (માંથી) બની **કાષ્ઠ** લાકડું **પેર** પેરવી, તજવીજ, વ્યવસ્થા **વિશ્વામિત્ર** એક ઋષિ, રામના ગુરુ **પખાલો** પખાળો, (પાણીથી) ધુઓ **અશરણશર્ણ** અશરણના શરણરૂપ, નિરાધારના આધાર (અહીં : 'રામ') **ચર્ણ** ચરણ, પગ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) નાવિક કોને કોને નાવમાં બેસાડવાની સંમતિ આપે છે?
(2) નાવિકે અગાઉ કઈ બાબતના મહિમા વિશે સાંભળ્યું છે?
(3) અંતે કોણ નાવિકના મનનું સમાધાન કરે છે?
(4) નાવિકે શાના વડે રામના ચરણ પખાળ્યાં ?
(5) કવિએ શ્રીરામને કેવા કહ્યા છે?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) નાવિકે રામને હોડીમાં બેસાડવાની શા માટે ના પાડી?
(2) નાવિકે શો વાંધો ઉઠાવ્યો ?
(3) નાવિકની મુંઝવણનો વિશ્વામિત્ર શો ઉપાય સૂચવે છે?
(4) નાવિકે રામના પગ કેમ પખાળ્યા?

**3. મુદ્દાસર નોંધ લખો :**

નાવિકનું ભક્તહૃદય

**4. નીચેના સમાનાર્થી શબ્દોને વાક્યમાં પ્રયોજી તેની અર્થછાયા સમજો.**

પાષાણ-પથ્થર, ચરણ-પગ, કાષ્ઠ-લાકડું, જળ-પાણી

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- ભાલણનાં અન્ય બે પદો મેળવીને એનું ગાન કરો.
- વડીલો પાસેથી રામાયણનો કેવટ પ્રસંગ સાંભળો અને ચર્ચા કરો.
- દુલા ભાયા કાગનું પદ 'પગ મને ધોવા દ્યો' મેળવીને ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

'નાવિક વળતો બોલિયો સાંભળો મારા સ્વામ, સાથ સહુકે નાવે બેસો નહીં બેસારું રામ.'

આ કડીમાં 'વળતો' શબ્દ અગાઉ થઈ ગયેલા સંવાદનું સૂચન કરે છે, તો રામને સ્વામ (સ્વામી) કહીને નાવમાં બેસાડવાની ના પાડે છે એટલે આપણને ખ્યાલ આવી જાય છે કે આ નકાર પાછળનો ભાવ ભક્તિનો જ છે. 'વાર્તા મેં સાંભળી છે' એવું સાદું કથન આપણી ઉત્કંઠા વધારે છે. અહીં ત્રણ બાબતો મુખ્ય છેઃ નાવિકની મૂંઝવણ, વિશ્વામિત્રનો ઉકેલ અને નાવિકનું અનુસરણ.

'રેણુ', 'પાષાણ', 'કાષ્ઠ' જેવા તત્સમ્, 'સહી', 'આગે' જેવા હિન્દી અને 'બેસારું', 'પેર', 'પખાળો' જેવા બોલચાલના શબ્દોનો ઉપયોગ એકમેકમાં ભળી જઈને રસમય અભિવ્યક્તિ બની રહે છે.

કવિએ લોકોમાં જાણીતા કથાવસ્તુને લોકોની ભાષામાં, દેશી ઢાળમાં રજૂ કર્યું છે. એ માટે સહજ-સરળ છતાં અર્થક્ષમ પ્રાસયોજના પ્રયોજીને અભિવ્યક્તિને વધુ ચોટદાર બનાવી છે. એ દૃષ્ટિએ આખ્યાનખંડની પ્રાસયોજનાનો અભ્યાસ કરો. 'પ્રક્ષાલન' જેવા સંસ્કૃત શબ્દ પરથી ગુજરાતીમાં બનેલો 'પખાળો' શબ્દ ભગવાનનાં ચરણ ધોવાની ક્રિયાને સચોટ નિરૂપે છે, તો 'હસીને હરિ હેઠા બેઠા' પંક્તિખંડનો વર્ણાનુપ્રાસ અને અનુપ્રાસ પણ આકર્ષક છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- પ્રસંગને અનુરૂપ રામાયણનાં પાત્રોનો પરિચય કરાવો અને રામાયણની કથાનો સાર કહો.
- અહલ્યાનો વિગતે પરિચય કરાવો.
- ગૌતમઋષિએ અહલ્યાને આપેલા શાપની કથા કહો.

•